વહેલી સવારની મીઠી ઊંઘમાં પોપચાં બિડાયેલાં હતાં. ત્યાં તો થોડી થોડી ગરમી પીઠ પર ચટકા ભરવા માંડી. મલય એટલે પડખું ફરીને ચત્તો સૂતો, પણ નીંદર ધીરે ધીરે ભાગવા માંડી. તે ભાગતી જ રહી અને છેવટે આંખ ઊઘડી જ ગઈ. છત પર નજર કરી તો પંખો જ બંધ પડી ગયો હતો અને ઓરડાની હવા પડી ગઈ હતી. વીજળીના ધાંધિયા હવે તો અમદાવાદમાં પણ શરૂ થઈ ગયા! મનમાં ખીજ ઊભરાઈ રહી ત્યાં જ વળી અચાનક સ્વિચબોર્ડ ઉપર નજર ગઈ તો ખબર પડી કે કોઈએ પંખાની સ્વિચ જ ઑફ કરી નાખી હતી. એટલે ગુસ્સાની ગરમી આંખોના ખૂણા સુધી પહોંચી. હું હજુ તો સૂતો છું, ત્યાં વળી કોઈએ પંખાની સ્વિચ ઑફ કરી નાખી! કોણે?

તરત જ પલંગમાંથી નીચે ઊતરતાં થોડો સંકોચ થઈ આવ્યો. કોઈ જોતું તો નથીને! એની ખાતરી કરી. ને પછી પળ પહેલાં ચહેરા ઉપર જ્યાં ગુસ્સાનો તમતમાટ છવાઈ રહ્યો હતો ત્યાં પ્રસન્નતાની સુરખી ફરી વળી, સૌમ્યા પવનની મીઠી લહેરની જેમ સ્મરણમાં આવીને છવાઈ ગઈ. અરે, એનું જ સપનું ચાલતું હતું. યાદ કરવું ખૂબ ગમે પણ વર્ણવતાં શબ્દો શરમના પ્રવાહમાં તણાઈ જાય એવી એ દુનિયા છીનવાઈ ગઈ અચાનક. અફસોસ અફસોસ થઈ ગયો મનમાં. હવે ફરી ઊંઘ આવી જ ન શકે.

રાતે પણ બહુ મોડેથી ઊંઘ આવી હતી. જિંદગીમાં કદાચ પહેલી જ વાર મોટાભાઈ સાથે થોડી ચડભડ થઈ હતી. અલબત્ત, એથી કશો જ અર્થ સર્યો નહોતો. બચપણથી આજ સુધીમાં જે વાક્ય, જે વિશેષણો મોટાભાઈ એને માટે વારંવાર ફેંક્યા કરતા હતા તે કાલે રાતે વધારે પાંચ-સાત વાર એમણે સંભળાવ્યાં હતાં : 'સાવ મૂરખ છે. સાવ બેવકૂફ છે. સાવ અક્કલ વગરનો છે.' આ શબ્દો જ્યારે પણ ઇચ્છે ત્યારે સાંભળવા મળે તેવા હતા. મોટાભાઈને એ માટે નાનું નિમિત્ત બસ થઈ પડતું હતું. કાલે તો મલયે માત્ર એટલું જ કહ્યું હતું કે : 'બાપુજીને ગુજરી ગયે ત્રણ માસ થયા મોટો ભાઈ હવે તો.' બોલતાં બોલતાં એણે એમની આંખોમાં જોયું તો આટલા અર્ધાવાક્યે પણ એમની નજરમાં તાપ વંચાવા માંડ્યો હતો. દરરોજની જેમ એના બાકીના શબ્દો હવામાં ઊડીને વીખરાઈ જવાના હતા, પણ કોણ જાણે કેમ, પહેલી જ વાર મલયમાં શબ્દોને એકઠા કરીને બોલી નાખવાની હિંમત પેદા થઈ ગઈ. એણે વાક્ય પૂરું કરી જ નાખ્યું હતુ : 'હવે તો મોટાભાઈ, આપણે ભાગ બાબત કંઈક વિચારવું જોઈએ.' વાક્યને માંડ પૂર્ણવિરામ સુધી પહોંચાડીને એ અંદરથી છુટકારો અનુભવતો હતો ત્યાં તો મોટાભાઈ શરૂ થઈ ગયા હતા : 'હા, હા, તને બહુ ઉતાવળ આવી ગઈ છે તે હું જાણું છું, પણ તારામાં કંઈ અક્કલ છે બેવકૂફ! તને ભાન છે કે બાપુજી શરાફ હતા. અને એમાં ચોપડે કંઈ બધું જ ચીતર્યું ન હોય. તેને ગ્રૅજ્યુએટ કોણે બનાવ્યો? કે પછી બસ કોઈનો ચડાવ્યો જ બધું બોલે છે?'

મલય દીવાનખાનામાંથી ધીરેથી ઊઠીને પોતાના ઓરડામાં આવતો રહ્યો હતો. મન બહુ બળતું હતું. તાજી દાઝેલી ચામડી ચચરતી હોય એવી પીડા થતી હતી. એણે બંધ આંખો કરીને એ પીડામાંથી નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. કાં ઊંઘ, કાં સૌમ્યાના મીઠા મીઠા વિચારો, કે એની સાથેનો કોઈ મધુર સંવાદ, એના પાલવનો મીઠો સરકતો સ્પર્શ કે એના વાળની ભીની ગંધ - કશું પણ દિવસભરની સચવાયેલી સ્મૃતિમાંથી હાથ કરી શકાય એવું હતું, પણ કશું હાથ થયું નહોતું,

કારણ કે આખા દિવસનું કણ કણ કરીને એકઠું કરેલું સુખ મોટાભાઈના એક-બે વાક્યે સાવ છિન્નભિન્ન થઈ ગયું હતું. નિરાશા વ્યાપી ગઈ. એણે ઊભા થઈને ઊંઘની એક ગોળી ખાઈ લીધી હતી ત્યારે ભારે પગલે ઊંઘ આવી હતી ઠેઠ મોડી રાત્રે.

...ને સવારે આવી જ રીતે કોઈના ભારે હાથના ઝટકે ઊંઘ તૂટી હતી. કોઈએ સીધી રીતે ઉઠાડ્યો નહોતો. પંખો બંધ કરીને ઊઠવાની ફરજ પાડી હતી. ફરી વાર સૌમ્યાના ચાલતા સ્વપ્નનું સુખ કોઈને છીનવી લીધું હતું.

એ ઊભો થઈને પરસાળમાં આવ્યો. જુનવાણી મકાનની લાંબી ઓસરીમાં જે બીજો ઓરડો દીવાનખાના તરીકે વપરાતો હતો ત્યાં ભાભી કોઈ સાથે ફોન પર વાતો કરતાં હતાં - તેમનો સ્વર અહીં સ્પષ્ટ રીતે સાંભળી શકાતો હતો... વાતો ને સામે છેડે કોણ હશે એ ખબર નહોતી, પણ સંવાદનો આ તરફનો ટુકડો સાંભળી શકાતો હતો. ભાભી કોઈને કહેતાં હતાં :

'પૂજામાં બેઠાં છે.'

'હા, હા, કહોને!'

'અરે, એવું કંઈ હોય. તમે ક્યાં પારકા છો?'

'મલયભાઈને! અરે એ ક્યાં સાડાઆઠ પહેલાં ઊઠે છે?'

પછી રિસીવર ક્રેડલ પર મુકાઈ ગયું. ભાભીએ પાછાં ફરીને જોયું તો મલય ઉપર એમની નજર પડી. એ પરસાળમાં ઊભો ઊભો નાનકડા આંગણામાં વાવેલાં ફૂલ-ઝાડને જોતો હતો. તુલસીક્યારો કેવો કરમાઈ ગયો હતો? પહેલાં તો બા રોજ લોટે લોટે એમાં પાણી રેડતાં હતાં, પણ ત્રણ માસ થયા બાપુજીના ગુજરી ગયા પછી સાવ બંધ કર્યું હતું. એનાં પાંદડાં કરમાઈને નમી ગયાં હતાં. થોડી માંજર નીચેની ચોસલા થઈ ગયેલી સૂકી ભોંય પર વેરાઈ ગઈ હતી.

'ભાઈ' ભાભી મલયની નજીક આવીને બોલ્યાં : 'ઊઠી ગયા ભાઈ!' એ માંજરી આંખો ચમકાવીને બોલ્યાં : 'આજ તો વહેલાને કંઈ?'

એણે મંદ સ્મિત કર્યું. કોઈએ પંખો બંધ કર્યો હતો એ વાત એના મોંએ આવી ગઈ, પણ બોલી દેવાનું મન થયું નહીં. એણે કહ્યું : 'હા, ઊંઘ ઊડી ગઈ. પણ એ આંગણા તરફ આંગળી ચીંધીને બોલ્યો : 'પેલા તુલસીને કોઈ જ પાણી નથી પાતું?'

'રંભાબહેનેને રોજ કહું છું.' એ હસીને બોલ્યાં, 'પણ રોજ એ ભૂલી જાય છે. ને મને તો કેમ...' એ હળવી ફૂંક મારીને વાતને ઉડાડી દેવા માગતાં હોય એમ બોલ્યા : 'યાદ જ નથી આવતું... ભાઈ, ચા મૂકું છું. તમે બ્રશ કરી લો.'

'ભાઈ?' મલયે પૂછ્યું.

'લે.' એ તરત બોલ્યાં : 'એ તો અત્યાર સુધી ઘેર હોય? એ તો પેઢીએ પહોંચી ગયા.'

'અરે!' મલયે નવાઈથી પૂછ્યું : 'અત્યારમાં?' પછી બોલ્યો : 'સવાસાત વાગ્યામાં?'

ભાભી કશુંક મનગમતું બોલવા માટે તત્પર થઈ ગયાં એમ મલયને લાગ્યું. કદાચ એની કલ્પના

સાચી હતી. તરત જ એ બોલ્યાં : 'એમને હવે કંઈ સાડાઆઠ સુધી સૂઈ રહેવું ન પોષાય. બાપુજીના ગયા પછી એકલે હાથે પેઢી સંભાળવી એ કંઈ ખાવાના ખેલ થોડા જ છે?' પછી બોલતાં બોલતાં પોતે જાતે જ વાતને અટકાવવા માગતાં હોય એમ બોલ્યાં : 'જવા દોને ભાઈ, તમારે હજુ ક્યાં ચિંતા છે? તમે અંદર જાઓ, હું ચા મોકલું છું.'

ગઈ રાતે બંને ભાઈઓ વચ્ચે થયેલી ચડભડ ભાભીએ સાંભળી હતી. ખરેખર તો એ ચડભડ પણ નહોતી. મોટાભાઈની એકોક્તિ હતી. એમાં જે જે આરોપો અને ગાળો મોટાભાઈએ સ્પષ્ટ રીતે મઢ્યાં હતાં એ બધું જ ભાભીએ એમના આ શબ્દોમાં છુપાવી છુપાવીને કહ્યું હતું. સવાર નવેસરથી બગડવાની શરૂઆત થઈ હતી. જાતને કશાક કામમાં પરોવી દેવા એ ઝડપથી વૉશબેસિન તરફ ગયો અને બ્રશ પતાવ્યું.

ચા આવી અને પીવાતી હતી ત્યારે ભાભી ફરી વાર સામે આવીને બેઠાં :

'ભાઈ, આજે તો ડ્રાઇવર નહીંને, તે તમારા ભાઈને જાતે જ ગાડી લઈને નીકળી જવું પડ્યું હોં, શું થાય? જવાબદારી એવી ચીજ છે.'

'ડ્રાઇવર કેમ નથી આવ્યો?' મલયે બિલકુલ પૂછવા ખાતર જ પૂછ્યું : 'વહેલા આવવાનું કહ્યું હશેને!'

એ બોલ્યાં : 'તે સાવ આવ્યો જ નહીંને, હવે જો એને પગાર કે બક્ષિસ દેવા બોલાવ્યો હોય તો સવારના છ વાગ્યામાં હાજર થઈ જાય. માણસ આજકાલ ભાઈ, પૈસાનો જ સગો છે.'

ફરી ચા કડવી કડવી લાગવા માંડી. મલય જરા કટુતાથી હસ્યો અને થોડી ચા અધૂરી છોડીને કપ પાછો ટેબલ પર મૂકી દીધો. ભાભીએ આ જોયું છતાં પૂછ્યું : 'બીજી વધારે ચા લાવું ભાઈ! તૈયાર જ છે હોં!'

'ના.' એ બોલ્યો, ને પછી તાકીને ભાભી સામે જોયું : 'કાલે તમે રાત્રે કંઈક તારનું કે એવું બોલતાં હતાંને?'

એ મંગળસૂત્રના ચકતાને આંગળાંમાં રગડતાં હતાં. તરત જ હસીને બોલ્યાં : 'એ તો શોભાબહેનનો તાર હતો... તમારા ભાઈના ખિસ્સામાં પડ્યો હશે. બીજું કંઈ નહોતું - એ તો બહેન આજે મુંબઈથી ચાર વાગ્યાની ગાડીમાં આવે છેને, એનો તાર હતો, જશોને સ્ટેશને?'

'જઈશ.' એણે કહ્યું : 'આજે કૉલેજથી જરા વહેલો આવી જઈશ.' કૉલેજ શબ્દની સાથે સાથે જ એની સાથે મનમાં જોડાયેલા નામ - સૌમ્યાની સ્મૃતિ થઈ આવી. કૉલેજના કમ્પાઉન્ડની એ હરિયાળી લૉન, કૅન્ટીન પાછળના એ એકાંત બાંકડા અને દૂરથી દેખાતા યુનિવર્સિટી ટાવરની યાદ આવી ગઈ. એ બધું માત્ર એક જ છોકરી ઘાટીલી કમરવાળી છોકરીના હોવાને લીધે જીવંત થઈ ઊઠતું હતું.

પણ ભાભી ફરી એને એવી સ્મૃતિની પગદંડીથી દૂર ખેંચી ગયાં.

એ બોલ્યાં : 'ભાઈ, આજે ડ્રાઇવર નથીને, તે તમારે રિક્ષામાં બહેનને લાવવાં પડશે હોં. જુઓને, આજ એટલે તો તમારા ભાઈ જમવા પણ નથી આવવાના. કહેતા હતા કે કંઈક ફ્રૂટ મગાવીને ખાઈ લઈશ.'

કેટલી મામૂલી માહિતી પામવાને માટે એને પ્રસન્નતાની દુનિયામાંથી પાછા ફરવું પડતું હતું! મલયને કહેવાનું મન થયું... 'ભાભી, હમણાં કશું બોલો નહીં. મને સૌમ્યાની, અને સૌમ્યાથી જ જીવતી રહેલી મારી દુનિયામાં રહેવા દો...' પણ આવું કશું જ બોલી ન શકાયું. મનને થોડું કચડવું પડ્યું. એ બોલ્યો : 'ભલે કંઈ વાંધો નહીં.'

એણે છાપું હાથમાં લીધું એટલે ભાભી ઊઠ્યાં. જતાં જતાં બોલ્યાં : 'હું પણ જુઓને નવરી હોઉં તેમ તમારી સાથે તડાકા મારવા બેસી ગઈ. તમારે બાર વાગ્યે કૉલેજ જવાનું. એ માટે અને નયન હમણાં નિશાળેથી આવશે એને માટે જમવાનું બનાવવાનું, અહોહો કેટલાં કામ છે!'

મલયે હાથમાં લીધેલું છાપું વાંચવા માંડ્યું.

બાજુના ઓરડામાં થોડી વારે એને ભાભીનો તીણો સ્વર સંભળાયો. એ રંભાબહેનને કહેતાં હતાં, 'તમે જાણો છો લાઇટનું બિલ કેટલું આવે છે! ને તમે દરેક રૂમની લાઇટ ચાલુ રાખો છો! અત્યારમાં તો વળી લાઇટ અને પંખો કેવાં! એ બધું હું બંધ કરું તો જ થાય? તમે કંઈ જ ન કરો?'

મલય મનોમન હસ્યો. આ ઘર હવે પરદેશ જેવું લાગવા માંડ્યું હતું. એમાં રહીને છાપું પણ વાંચવું ગમતું નહોતું. શરીર ભલે અહીં રહે, પણ મન જો આ ઘરના ઉંબરાની બહાર નીકળી જાય તો જ જીવી શકાય... જન્મીને જે ત્રેવીસ વરસ આ ઘરમાં વિતાવ્યાં હતાં એને એક અણગમતા પોટલાની જેમ આ ઘરના ઉંબરામાં જ છોડીને બહાર ચાલી નીકળવાનું મન થતું. બાપુજીના ગુજરી ગયા પછી આટલા ટૂંકા ગાળામાં ઘર સાથેનો તંતુ ક્ષીણ થઈને તૂટી પડશે એમ ધાર્યું નહોતું. હવે એકમાત્ર બા રહ્યાં હતાં, પણ એ પણ સાવ વજન વગરનાં થઈ ગયાં હતાં. એમની આખી જિંદગી બાપુજી સાથેના કંકાસમાં વીતી હતી. બાપુજીની બૂમો સામે ચીસો પાડી પાડીને કલ્પાંત કરવામાં ગઈ હતી. અને હવે એ બાપુજીના ગયા પછી એકદમ હેબતાઈ ગયાં જેવાં થઈ ગયાં હતાં. ભાગ્યે જ કશું બોલતાં હતાં. અત્યારે પૂજાના ઓરડામાં બેઠાં હતાં, અને રાતવાળી મોટાભાઈ સાથેની ઊંચા અવાજની વાતચીત કે અત્યારે ભાભીની ઉચ્ચારાયેલી ઠંડોછૂપો માર મારતી વાણીથી એ લગભગ અલગ જ રહેવા માગતાં હતાં.

અંતે એ ઊભો થઈને બાથરૂમ તરફ ચાલ્યો.

સૌમ્યાના આવવાની દિશા તરફ નજર લંબાવીને એ ઊભો હતો. ત્યાં જ બીજી એક છોકરી કૅન્ટીનમાંથી નીકળીને એની તરફ આવી. કાશ્મીરા હતી. કાશ્મીરા દીવાન. ખૂબ દૂબળી, પાતળી અને ચંચળ. જીન્સ અને શર્ટમાં જ ફર્યા કરતી હતી. મોટા ભાગે છોકરાઓની કંપની જ એને ગમતી હતી, પણ આજ તો કોણ જાણે કેમ એ એકલી જ હતી.

'હાય મલય' એ સાવ નજીક આવીને બોલી.

'હાય...' મલયે રસ્તા પરથી નજર ખસેડીને એના તરફ જોયું. ને વળી સૌમ્યાના આવવાની દિશા તરફ નજર દોડાવી.

'વેઇટિંગ ફૉર મિસ ઍનીબડી?'

'નૉટ ઍનીબડી.' મલય હસ્યો : 'ફૉર સમબડી...'

'નૉટી બૉય' કાશ્મીરા બોલી અને પછી સાવ ચૂંથાઈ ગયેલી નોટબુકનું ભૂંગળું વાળીને પોતાની હથેળી પર મારવા માંડી : 'હુ ઇઝ શી?'

મલય જવાબ આપે તે પહેલાં એની આંખોએ જ જવાબ આપી દીધો. મલયે દૂરથી આવતા કોઈ તરફ હાથ ફરકાવ્યો તે કાશ્મીરાએ જોયું અને તરત જ તેણે પણ એ તરફ નજર ફેરવી. સૌમ્યા ચાલી આવતી હતી.

'મલય દોશી' કાશ્મીરા નટખટ આંખો કરીને મલકીને બોલી : 'મિસ સમબડી ઇઝ અરાઇવિંગ ચિયર્સ...'

સૌમ્યા નજીક આવી, પણ કાશ્મીરાને મલયની પાસે ઊભેલી જોઈને એની ગતિ મંદ પડી ગઈ. કાશ્મીરા તરફ જોઈને એણે મોં મલકાવ્યું. કાશ્મીરાએ પણ પોતાના આગળ પડતા દાંત દેખાડીને સ્મિત કર્યું. બોલી : 'સૌમ્યા ડાર્લિંગ, કેમ આટલી ધીમે આવે છે? સી. મલય વૉઝ અપસેટ વિધાઉટ યુ... નાવ સેમ હિમ રાઇટ ડિયર...'

કદાચ સૌમ્યાને આ 'ડિયર' અને 'ડાર્લિંગ' ગમ્યાં નહોતાં. એના ચહેરા પર થોડી ભોંઠપ છવાઈ ગઈ. એ સાવ ઉપરછલ્લું જ બોલી : 'બે-ત્રણ દિવસ પહેલાં મેં એને શ્યૉર સજેશન્સ આપવાનો વાયદો કર્યો હતોને એટલે...'

'બસ?' કાશ્મીરા મશ્કરીના અંદાજમાં મલય તરફ નજર લસરાવીને બોલી : 'બસ? ધૅટ્સ ઑલ?'

જરી ડોક ઝટકાવીને સૌમ્યા બોલી : 'ધેન વ્હૉટ?'

મલય અંદર ને અંદર સમસમી ગયો. શા માટે સૌમ્યા કાશ્મીરા પાસે આમ ગુનેગારની જેમ વર્તતી હતી? એને સૌમ્યા તરફ સહેજ ચીડ ચડી.

'તો એ જે માગે છેને...' કાશ્મીરા આંખ પટપટાવીને બોલી : 'એ એને આપી દે... સમજી? સજેશન્સ... સૉલ્યુશન્સ, માર્ક્સ, ડિસ્ટિંક્શન, ઍવૉર્ડ રિવૉર્ડ...' પછી પોતે ખૂબ મોટી મજાક કરી હોય એમ જોરથી ખડખડાટ હસી. અને ફરી હથેળીમાં નોટબુકના ભૂંગળાને ઠપકારવા માંડી. પછી જ્યારે હસવાનું શમ્યું ત્યારે બોલી : 'ઓ.કે... હૅવ યૉર ટાઇમ... હું જાઉં હવે...'

વધુપડતા તંગ જીન્સને કારણે કાશ્મીરા વધુપડતી મારકણી લાગતી હતી. એવી રીતે ચાલતી હતી કે કોઈ પણ પુરુષનું ધ્યાન ચોંટી રહે. મલય એને એ રીતે જતી જોઈ રહ્યો એટલે સૌમ્યા પણ એ તરફ ચાલવા માંડી...

'અરે... અરે...' મલયે ચમકીને કહ્યું : 'તું વળી ક્યાં ચાલી રહી?' આ રીતે એણે પાછળ વાંકી ગરદન ફેરવીને જોયું. એ મલયને બહુ ગમ્યું. થોડી વાર પહેલાં એ કાશ્મીરા પાસે જે રીતે વર્તતી હતી એ જોઈને થોડો રોષ ચડ્યો હતો તે અચાનક ઓસરી ગયો. સૌમ્યાની ડોકને ચૂમી લેવાની ઇચ્છા થઈ આવી.